# PRESS RELEASE

The news of this release will enlighten your readers and so we earnestly request you to publish it soon. We are sure that you will provide this useful news to your ardent readers at the earliest. However, the time of release is at your discretion.This Press Release is issued in public interest.

**Ref. : ER/Press/05/shampoo.16/gh**

## શેમ્પુ : ફીણનો બોજો

ચીજોનું તુલનાત્મક પરિક્ષણ કરતી પોતાની પ્રયોગશાળામાં શેમ્પુની ૨૩ નામી બ્રાન્ડઝ-જેમાં ૨૨ રાષ્ટ્રીય અને ૧ પ્રાદેશિક બ્રાન્ડની ચકાસણી કરીને તેનાં પરિણામો ***ઈનસાઈટ-ધી કન્ઝયુમર મેગેઝીન*** પોતાનાં માર્ચ-એપ્રિલ ૨૦૦૫નાં અંકમાં પ્રસિદ્ધ કર્યા છે.

આપણે આજે જે શેમ્પુઓ વાપરી રહ્યાં છીએ, તેમાં વપરાતા ડીટરજન્ટ, અન્ય મુખ્ય ચીજો અને અમુક સમય પૂર્વે વાપરી નાંખવાની જે સુચનાઓ લેબલ ઉપર છાપવાની હોય તેમાંથી, જે ૧૦ ગ્રામ અને ૨૫ મીલી. અને ૨૪ માસ ચાલે તેવાને મુક્તિ આપવામાં આવેલ છે. ભારતીય માનક બ્યુરોની કમીટીએ ઉદ્યોગોનાં પ્રભાવ હેઠળ આવીને આવો જે નિર્ણય કર્યો છે તેનાંથી ગ્રાહકોની સલામતી પર ગંભીર અસર પડી શકે છે. કેટલા સમય પહેલાં ઉપયોગ કરી લેવો જોઈએ તેવી માહિતી લેબલ ઉપર ન આપી હોય તેવાં શેમ્પુઓમાં ***રીજોઈસ રીચ, પેન્ટીન પ્રો-વી, હેડ એન્ડ શોલ્ડર્સ*** અને ***બ્યુટી પ્લસ*** છે. પરંતુ ભારતીય માનકો સુધારવાને કારણે તેને આપણે માનકો અનુસાર નહીં હોવાનું કહી શકતાં નથી. તેમ છતાંયે, આવી ઉપયોગી માહિતી નહીં આપવાથી જે સૂચક પરિણામો ઉભા થઈ શકે છે તે બાબતની વાટાઘાટો ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર ભારતીય માનક બ્યુરો સાથે હાથ ધરવાનું છે.

તમે જાણો છો કે બધાં જ પેકીંગમાં વધુ સગવડવાળા નાના પાઉચ તેનાં ઉપર દર્શાવ્યા કરતાં ઓછું આપે છે ? વળી તે ખરીદયાનાં બે માસ વીતી ગયાં પછી વાપરવામાં આવે છે તો શું થાય છે એ જરા ધ્યાનથી જોશો. મળતા પરિણામમાં સુકાઈ ગયેલ પાઉચ તમે નાંખી દેશો અને ખરીદવાનો અફસોસ કરશો. પરિક્ષણમાં લેવાએલ ૧૩ બ્રાન્ડઝ પૈકી ત્રણ-***કલીનીક ઓલ કલીઅર, હીમાલીયા આયુર્વેદીક કોન્સેપ્ટસ*** અને ***સનસીલ્ક વ્હાઈટ એન્ટી-ડેન્ડ્રફ***માં કેટલું માપ તે ધરાવે છે તે વિષેનું લેબલ જ નહોતું. અંકુશિત તાપમાનમાં બીજા આઠ અઠવાડિયાઓ સુધી નિરિક્ષણ હેઠળ રાખ્યા બાદ જોવામાં આવ્યું કે બધા જ પાઉચોમાં ૦.૦૩ ગ્રામ ઓછાથી માંડી ૩.૦૩ ગ્રામ વધુ સુધીની વજનમાં ઘટ માલુમ પડી હતી. (જુઓ જોડાણ-૪)

૭ બ્રાન્ડઝ - ***વાટીકા હીના ક્રીમ કન્ડીશનર, કલીનીક ઓલ કલીઅર, વાટીકા એન્ટી-ડેન્ડ્રફ, લક્સ સુપર રીચ, નાઈલ હરબલ*** અને ***સનસીલ્ક બ્લેક***માં અધિક ઘટ જોવામાં આવી હતી.

માત્ર ૪ બ્રાન્ડઝ - ***પેન્ટીન પ્રો-વી, હેડ એન્ડ શોલ્ડર્સ, રીજોઈસ રીચ*** અને ***મેડીકર***માં આઠ અઠવાડિયાઓ પછી પણ વજન ઘટેલું નહીં. ૪૫ સ્વયંસેવકોને, ખાસ કરીને ભીના અને સુકા વાળની સ્વચ્છતા, વાપરવામાં સરળતા, ખોડાનો નિકાલ અને વાળ ઉપર સદર બ્રાન્ડઝની કેવી અસર છે તે અંગે અભિપ્રાય આપવા માટે તેઓને શેમ્પુઓ વાપરવા આપેલ. બનાવટો એકંદરે તેમને કેટલી ગમી તે અંગે તેઓ તરફથી ગુણાંક આપવામાં આવ્યાં હતાં. ૧૦૦ ગુણાંકમાંથી તેઓ તરફથી બ્રાન્ડઝને વધુમાં વધુ ૮૩ અને ઓછામાં ઓછા ૩૭ સુધી ગુણાંક આપવામાં આવેલ હતાં.

આ સર્વેક્ષણમાં ***સનસીલ્ક મોસ્ચયુરાઈઝીંગ વ્હાઈટ એન્ટી ડેન્ડ્રફ***ને બહુ પસંદ કરાઈ છે જે ખોડાનાં નિકાલ માટેનાં સઘળા શેમ્પુઓમાં ૮૩ ગુણાંક મેળવે છે. અન્ય નિયત શેમ્પુઓમાં ***રીજોઈસ રીચ*** ૭૯ ગુણાંક સાથે વધુ પસંદગીપાત્ર થઈ છે.

...૨-

Opinions,test results and research findings issued through this Press Release cannot be used in any form directly or indirectly for advertising, promotional or commercial purpose.

CERS

**CONSUMER EDUCATION AND RESEARCH SOCIETY**

"Suraksha Sankool", Thaltej, Ahmedabad-Gandhinagar Highway, Ahmedabad 380054(INDIA)

Phone: 079-27489945-46, 27450528, 30121001-2-3 Fax: 079-27489947

Email: cerc@wilnetonline.net Home Page : www.cercindia.org

**<u>ખરીદવા માટે શ્રેષ્ઠ :</u>**
શેમ્પુની જે બ્રાન્ડઝને ચકાસવામાં આવેલ તે પૈકી ***<u>સુપર રીચ લક્સ શેમ્પુ (૭૮)</u>***ને એકંદરે તેનાં સારા ગુણાંક અને વ્યાજબી કિંમત જોતાં ખરીદી માટે શ્રેષ્ઠ તરીકેની ભલામણ કરીએ છીએ જ્યારે ખોડાનાં ઉપચાર માટેનાં ચકાસેલ શેમ્પુઓની બ્રાન્ડઝ પૈકી ખરીદી માટે શ્રેષ્ઠ તરીકે ***<u>સનસીલ્ક વ્હાઈટ એન્ટી ડેન્ડ્રફ (૮૭)</u>***ની આપને ભલામણ કરીએ છીએ.

**<u>દાવાઓ વિરુદ્ધ હકીકતો :</u>**
પેકેટ્સ ઉપર કરાએલ આધાર વિનાના દાવાઓની માહિતી સામે હકીકતોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો. દ્રષ્ટાંત તરીકે શેમ્પુ દ્વીમુખી વાળને સુધારી શકે છે ? શેમ્પુ માંહેનાં દ્રવ્યો વાળને પોષણ આપી શકે ખરા ? શેમ્પુ માંહેની ફળની અમ્લતા વાળ વધારવામાં કે ખોડાને તે સમુળગો કાઢી શકે છે ? વિગેરે.

આવા બધા દાવાઓને રદીયો આપતા અમેરિકાનું સામાયિક *"કન્ઝયુમર રીપોર્ટસ"* એમ કહે છે કે ખોડાને અને ફોતરીને અંકુશમાં રાખવા માટે સામાન્ય શેમ્પુથી અઠવાડીયામાં વારંવાર વાળ ધોવાથી પુરતું થઈ પડશે અને વનસ્પતિક માટે કરાયેલા દાવાઓ લેબલ પુરતાં છે, વાળને લાભ મળતો નથી.

આથી જ ***"શેમ્પુ : ફીણનો બોજો"***એવું મથાળુ અમે આપેલ છે. શેમ્પુ વાપરવાની રીત જેવી કે બેઝીન ઉપર વાંકા વળીને તમારા વાળ ધુવો જેથી કરીને તમારી ખોપરી અને વાળનાં મૂળમાં લોહીનું પરિભ્રમણ વધે, શેમ્પુનો યોગ્ય ઉપયોગ કેમ કરાય અથવા વધુ ફીણ એટલે સારુ શેમ્પુ એવી થતી પૃચ્છાઓ વિગેરેની ચર્ચાઓ પણ **ઈનસાઈટ**નાં આ અંકમાં કરવામાં આવેલ છે.

સ્વીકારાએલ નિતિ તરીકે પરિક્ષણનાં પરિણામો પ્રસિદ્ધ કરતાં પૂર્વે, સંબંધિત બધા ઉત્પાદકોને તેમની પોતાની જ બનાવટોનાં પરિણામોની જાણ કરવામાં આવી છે. આવેલ પ્રતિભાવોનાં અંશો :

***હીમાલીયા આયુર્વેદિક કોન્સેપ્ટસ પ્રોટીન શેમ્પુ*** અને ***લીવર આયુષ ડેન્ડ્રફ નાશક શેમ્પુ***નું કહેવું એવું છે કે તેની બનાવટો "કોસ્મેટીક પ્રોડક્ટ" નથી પણ એક આયુર્વેદીક આધારિત દવા તરીકે વેચાણ કરવામાં આવે છે અને કોસ્મેટીક તરીકે નહીં.

**ઈનસાઈટ**નું કહેવું એવું છે કે પ્રસ્તુત બનાવટ ઉપર શેમ્પુનું લેબલ લગાડ્યું હોવાથી અને તેમાં અસરકારક ડીટર્જન્ટનું પ્રમાણ વિશેષ હોવાથી તે બનાવટ આયુર્વેદિક આધારિત ઔષધ હોય કે ન હોય તેને ૧૯૪૦નો ઔષધ અને સૌંદર્ય પ્રસાધનો અંગેનો ધારો તેમજ ભારતીય માનક લાગુ પડે છે.

***ડાબર વાટીકા એન્ટીડેન્ડ્રફ શેમ્પુ***નું કહેવું એવું છે કે વજનમાં કહેવાતી ઘટ ભેજનાં ઘટવાને કારણે બને. ભેજની કમીને કારણે તેઓની બ્રાન્ડનાં પરિણામોમાં કોઈ ફેર પડતો નથી. આથી, ગ્રાહકોને નાણાંકીય નુકશાન થાય તે બાબતે તેઓ સંમત નથી.

**હિન્દુસ્તાન લીવર લીમીટેડ**નું કહેવું છે કે પાઉચ માંહેનાં વજનની ઘટ તેનાં પેકીંગ અને સંગ્રહની જગ્યાની પરિસ્થિતિને કારણે હોઈ શકે છે. આથી કરીને ગ્રાહકોને શેમ્પુથી પ્રાપ્ત થતાં લાભમાં કોઈ ફેર પડતો નથી.

**ઈનસાઈટ**નું કહેવું છે કે વજન અને તોલમાપનાં ધારામાં અપાએલ છૂટ માત્ર ફોજદારી કાર્યવાહીને સ્પર્શે છે તેમ છતાંયે પેકેટ ઉપર જે લખાણ છે તે મુજબ ગ્રાહકને મળવું જોઈએ. ઉલ્લેખનીય તો એ છે કે બાષ્પીભવન કે અન્ય કારણે સમય વિતવાની સાથે સાથે વજનમાં ઘટ પડશે એવી માહિતી ઉત્પાદકોએ ગ્રાહકોને ક્યાંય આપી નથી.

ગુણાંક અને ક્રમાંકની માહિતીઓ, ખરીદવા માટે શું શ્રેષ્ઠ છે અને ઉત્પાદકો સાથેનાં અમારા પત્રવ્યવહારનાં અંશો વિગેરે **ઈનસાઈટ-ધી કન્ઝયુમર મેગેઝીન**નાં માર્ચ-એપ્રિલ ૨૦૦૫નાં અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

**તારીખ : ૨૬-૫-૨૦૦૫**
**સ્થળ : અમદાવાદ**

**પ્રીતિ શાહ**
**તંત્રી-ઈનસાઈટ-ધી કન્ઝયુમર મેગેઝીન**

**જોડાણ :** ૧. પરિક્ષણ કરેલ બ્રાન્ડઝ, માનકો અને રસાયણિક પરિક્ષણો
૨. પરિક્ષણનાં પરિણામોનું કોષ્ટક
૩. સંવેદનાનું કોષ્ટક
૪. શેમ્પુ સચેત(પાઉચ)નું કોષ્ટક